For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સાવલીના મુવાલ ગામે નીલગીરીના ખેતરમાંથી મળેલી લાશનો ભેદ ઉકેલાયો

સંબંધની પરિવારને જાણ કરી દેવાનું કહેતા પ્રેમીએ પ્રેમીકાનું ગળું દબાવી હત્યા કરી હતી

હત્યાનો ભેદ ઉકેલવા માટે પોલીસની આઠ ટીમો કામે લાગી, હત્યારા સાગર મકવાણાની ધરપકડ

(પ્રતિનિધિ) વડોદરા તા 21

સાવલી તાલુકાના મુવાલ ગામની સીમમાંથી એપ્રિલ મહિનામાં કોહવાયેલી હાલતમાં મળી આવેલી અજાણી મહિલાની લાશનાનો ભેદ ઉકેલી પોલીસે હત્યાના પ્રેમીની ધરપકડ કરી છે. પ્રેમ સંબંધની જાણ પરિવારને કરવાની કહેતા બંને વચ્ચે ઝઘડો થયો હતો અને ઉશ્કેરાયેલા 30 વર્ષીય પ્રેમી દ્વારા 45 વર્ષીય પ્રેમિકાની ગળુ દબાવી હત્યા કરી નાખવામાં આવી હતી.

ગત 11 એપ્રિલના રોજ મુવાલ ગામની સીમમાં આવેલા નીલગીરીના ખેતરમાંથી અજાણી મહિલાની કોહવાયેલી હાલતમાં લાશ મળી આવી હતી. આ અંગે સાવલી પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી હતી.

વડોદરા ગ્રામ્ય પોલીસ અધિક્ષક સુશીલ અગ્રવાલની સુચના મુજબ અલગ અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરવામાં આવી હતી.

પોલીસે મૃત મહિલાના કપડાં અને અન્ય વસ્તુઓના ફોટા રાજ્યભરના પોલીસ સ્ટેશનો, સરપંચો, ટ્રાન્સપોર્ટ ગ્રુપ, સમાજના ગ્રુપ, જી.આર.ડી., હોમગાર્ડ અને સોશિયલ મીડિયા મારફતે વાયરલ કર્યા હતા. તેમ છતાં મહિલાની ઓળખ થઈ નહોતી.

બાદમાં તપાસ દરમિયાન જાણવા મળ્યું કે લાશ મળી આવેલી જગ્યા ભમ્મરઘોડા મેલડી માતાજીના મંદિર નજીક હતુ. જેથી મહિલાની ઓળખ મેળવવા માટે મંદિરના છેલ્લા એક મહિનાના સીસીટીવી ફૂટેજ ચકાસવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન તા. 31 માર્ચના રોજ એક મહિલા મંદિર ખાતે દર્શન કરતી જોવા મળી હતી. તેના ફોટા ફરી સોશિયલ મીડિયામાં વાયરલ કરતા મહિલાની ઓળખ ભાવનાબેન અર્જુનસિંહ પરમાર (રહે. અંત્રોલી, તા. તલોદ, જી. સાબરકાંઠા) તરીકે થઈ હતી.

પોલીસે ટેકનિકલ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ કરતા સાગરસિંહ દિપસિંહ મકવાણા (રહે. રોજડ, તા. તલોદ, જી. સાબરકાંઠા)ની ભૂમિકા શંકાસ્પદ જણાઈ હતી. જેથી તેને પોલીસ ઉઠાવી લાવી હતી. સઘન પૂછપરછ કરતા આરોપી ભાંગી પડ્યો હતો અને તેણે ગુનાની કબૂલાત કરી હતી.

કે તેનો ભાવનાબેન સાથે પ્રેમ સંબંધ હતો અને બંને ભમ્મરઘોડા મેલડી માતાજીના મંદિરે દર્શન કરવા આવ્યા હતા. ત્યારબાદ બંને મુવાલ ગામની સીમમાં ગયા હતા જ્યાં ભાવનાબેને આરોપીને વારંવાર મળવા આવવા અને નહીં આવે તો તેના પરિવારને સંબંધ અંગે જાણ કરવાની ધમકી આપી હતી. આ મુદ્દે બંને વચ્ચે ઝઘડો થતા આરોપીએ ગળું દબાવી હત્યા કરી હતી. પોલીસે તા. 20 મેના રોજ આરોપી સાગરસિંહ મકવાણાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રેમિકાની હત્યા કરનાર સાગરને તેના ઘરેથી જ દબોચી લેવાયો

સાગરસિંહ દિપસિંહ મકવાણા અને મૃતક ભાવના પરમાર 14 એપ્રિલના રોજ તેમના ગામ રોજડમાથી સાથે નીકળ્યા હોય તેવું સ્થાનિક લોકોમાંથી જાણવા મળ્યું હતું. ત્યારબાદ હત્યાના સ્થળ ઉપર પણ બંનેના લોકેશન મળતા હતા. જેથી પોલીસનો શક સાગર પર મક્કમ થયો હતો. હત્યાનો ભેદ ઉકેલવા માટે પોલીસની આઠ ટીમો કામે લાગી હતી.જેથી અમારી ટીમ દ્વારા પ્રેમિકાની હત્યા કરનાર સાગર મકવાણાને તેના ઘરેથી જ દબોચી લેવામાં આવ્યો હતો. - **સુશીલ અગ્રવાલ,** પોલીસ અધિક્ષક વડોદરા ગ્રામ્ય

આરોપી પાસેથી મહિલાના ચાંદીના કડા અને મોબાઈલ રિકવર

હત્યા બાદ આરોપી મહિલાના પગમાં પહેરેલા ચાંદીના છડા અને ઓપો કંપનીનો મોબાઈલ ફોન સાથે લઈ ગયો હતો. પોલીસે સીસીટીવી ફૂટેજ અને કોલ ડિટેલ્સના આધારે આરોપીની સંડોવણી પુરવાર કરી હતી. જેથી પોલીસ દ્વારા આરોપી પાસેથી મૃતક મહિલા મોબાઈલ તથા ચાંદીના ગળા પણ રિકવર કરાયા છે.

એક લાખ ઉપરાંતના દર્શનાર્થીઓને ચેક કરતા મહિલાની ભમ્મરગોડા મંદિરમાં ઓળખ થઈ

માત્ર ખોવાયેલી હાલતમાં મહિલાની લાશ મળી હોય એટેકશન કરવું અઘરું હતું. મહિલા સાથે કઈ અજુગતું થયું હોય તેવું લાગી રહ્યું છે જેથી અલગ અલગ પોલીસની 8 ટીમો બનાવાઈ હતી. હત્યાના સ્થળની નજીક ભમ્મર ઘોડા મંદિર આવેલું હોય આ મહિલા ત્યાં દર્શન કરવા આવી હોઈ શકે છે તે બાબતે ત્યાંના સીસીટીવી ચેક કર્યા હતા. જેમાં દર્શન કરવા માટે આવેલા દરેક વ્યક્તિ મળીને એક થી સવા લાખ લોકોને આઇડેન્ટીફાય કર્યા બાદ મહિલાના કપડા ના આધારે 31 એપ્રિલના રોજ તેમની હાજરી મંદિરમાં મળી હતી. ત્યારબાદ મંદિરની આસપાસ અવાવરુની જગ્યામાં બેઠા હતા ત્યારે બંને વચ્ચે ઝઘડો થતાં પ્રેમીએ ઘટનાને અંજામ આપ્યો હતો.

ફોર વ્હીલરના ફિટનેસ ટેસ્ટ માટે RTOમાં નહીં જવું પડે

(પ્રતિનિધિ) વડોદરા,તા.21

વડોદરા સહિત રાજ્યભરમાં વાહનોના ફિટનેસ ટેસ્ટના નિયમોમાં મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. નવા નિયમ મુજબ હવે ફોર વ્હીલર નોન ટ્રાન્સપોર્ટ વાહનોના ફિટનેસ ટેસ્ટ આરટીઓ કચેરીમાં નહીં થાય. અત્યાર સુધી માત્ર ટ્રાન્સપોર્ટ વાહનોના ફિટનેસ ટેસ્ટ ઓટોમેટિક વ્હીકલ ફિટનેસ ટેસ્ટિંગ સેન્ટરોમાં કરવામાં આવતા હતા, પરંતુ હવે નોન ટ્રાન્સપોર્ટ ફોર વ્હીલર વાહનો માટે પણ ખાનગી ઓટોમેટિક સેન્ટર ફરજિયાત બનાવાયા છે.

વડોદરા આરટીઓ ખાતે આગામી દિવસોમાં આ સુવિધા સંપૂર્ણ બંધ કરવામાં આવશે. જિલ્લાના વાહનચાલકો શહેરના પાંચ ખાનગી ફિટનેસ સેન્ટરોમાં ટેસ્ટ કરાવી શકશે. રાજ્ય સરકાર દ્વારા પ્રક્રિયાને વધુ પારદર્શક, ઝડપી અને આરટીઓ કચેરીઓ પરનું ભારણ ઘટાડવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

સોશિયલ મીડિયા પર વિડીયો વાયરલ થતાં જ વડોદરા પાલિકા એક્શનમાં

શિવ શક્તિ ફરસાણ પર આરોગ્ય વિભાગના દરોડા : 10 હજારનો દંડ

(પ્રતિનિધિ) વડોદરા તા.21

શહેરમાં ખાદ્યપદાર્થોની ગુણવત્તા અને સ્વચ્છતાના દાવાઓ વચ્ચે વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. શહેરના જાણીતા રાજમહેલ રોડ પર આવેલી 'શિવ શક્તિ ફરસાણ' નામની દુકાનમાંથી ખરીદવામાં આવેલા સમોસામાંથી વંદો નીકળ્યો હોવાની ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે. આ સમગ્ર મામલાનો એક વિડીયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જોતજોતામાં ભારે વાયરલ થયો હતો, જેને પગલે સ્થાનિક રહીશો અને ગ્રાહકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. સોશિયલ મીડિયા પર વિડીયો વાયરલ થતાં જ વડોદરા મહાનગરપાલિકાનું તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું અને આરોગ્ય વિભાગ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ગ્રાહક દ્વારા કરવામાં આવેલી ઓનલાઈન ફરિયાદ અને વાયરલ વિડીયોની ગંભીરતાને ધ્યાને લઈને પાલિકાના આરોગ્ય વિભાગની એક વિશેષ ટીમ તપાસ માટે ઘટનાસ્થળે દોડી ગઈ હતી. આ તપાસ પ્રક્રિયામાં વહીવટી વોર્ડ નંબર 14ની સેનેટરી ટીમ તેમજ ફૂડ ઈન્સ્પેક્ટર અને ફૂડ સેફ્ટી ઓફિસર પ્રશાંત ભાવસાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીઓ દ્વારા શિવ શક્તિ ફરસાણની દુકાનમાં સામૂહિક ઈન્સ્પેકશન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં એકમની આંતરિક સ્વચ્છતા અને ખાદ્ય સામગ્રીની જાળવણીના સ્તરની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન દુકાનમાં આરોગ્યના નિયમોનું ઉલ્લંઘન માલૂમ પડતાં ફૂડ સેફ્ટી ઓફિસર પ્રશાંત ભાવસાર દ્વારા દુકાનના સંચાલકને કડક શબ્દોમાં આખરી ચેતવણી આપતી ઈમ્પ્રુવમેન્ટ નોટિસ પાઠવવામાં આવી હતી. આ સાથે જ ગ્રાહકોના આરોગ્ય સાથે ચેડાં કરવા બદલ અને બેદરકારી દાખવવા બદલ પાલિકાની ટીમે સ્થળ પર જ દુકાન સંચાલકને રૂપિયા 10,000નો વહીવટી દંડ ફટકાર્યો હતો.

આરોગ્ય વિભાગે આ એકમોને પણ દંડ ફટકાર્યા

સુરતી ઢોસા (સંગમ ચાર રસ્તા) :- રેસ્ટોરન્ટની આજુબાજુ અસહ્ય ગંદકી જોવા મળતા વોર્ડ-7 ની સેનિટરી શાખા દ્વારા રૂ. 2,500/- નો દંડ કરાયો.

અંબિકા એન્ટરપ્રાઇઝ (ભાયલી) :- પરિસરમાં ગંદકી બદલ રૂ. 10,000/- નો દંડ.

ટ્રીનીટી કાફે (ભાયલી) :- અસ્વચ્છતા બદલ રૂ. 5,000/- નો દંડ.

ફ્લેવર રેસ્ટોરન્ટ (ભાયલી) :- ગંદકી પકડાતા રૂ. 5,00પી/- નો દંડ ફટકારવામાં આવ્યો છે.

વડોદરા ગ્રામ્ય પોલીસે રૂ.4.50 લાખની લૂંટનો ગુનો ડિટેક્ટ કર્યો, અન્ય ચાર આરોપીઓ ફરાર

વાઘોડીયામાં જવેલર્સ પર હુમલો કરી લૂંટ કરનાર આંતરરાજ્ય વસુનીયા ગેંગના બે આરોપી ઝડપાયા

પહેલા રેકી કરી ગયા બાદ આ ગેંગે લૂંટને અંજામ આપતો હતો : સુશીલા અગ્રવાલ એસપી

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વાઘોડીયા ટાઉનમાં જવેલર્સ વેપારી પર જીવલેણ હુમલો કરી સોનાના દાગીના અને રોકડ રકમની લૂંટ ચલાવનાર આંતરરાજ્ય "વસુનીયા ગેંગ"ના બે આરોપીઓને વડોદરા ગ્રામ્ય પોલીસે મધ્યપ્રદેશમાંથી ઝડપી પાડી સમગ્ર ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો છે. આરોપીઓએ પોલીસને ગેરમાર્ગે દોરવા માટે ચોરીના વાહનો અને ખોટા નંબર પ્લેટનો ઉપયોગ કર્યો હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે.

ગત તા.12 મે, 2026ની રાત્રે વાઘોડીયા ટાઉનમાં આવેલી ડી.સી. જવેલર્સના માલિક દુકાન બંધ કરી એક્ટિવા પર સોનાના દાગીના અને રોકડ સાથે ઘરે જઈ રહ્યા હતા. ત્યારે બે બાઈક પર આવેલા લૂંટારુઓએ તેમના માથામાં લાકડાના ફટકા મારી અંદાજે રૂ.4.50 લાખના દાગીના અને રોકડ લૂંટી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે વાઘોડીયા પોલીસ સ્ટેશનમાં લૂંટનો ગુનો નોંધાતા વડોદરા રેન્જના પોલીસ મહાનિરીક્ષક સંદીપસિંહ અને ગ્રામ્ય પોલીસ અધિક્ષક સુશીલ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ એલસીબી, એસઓજી અને વાઘોડીયા પોલીસની સંયુક્ત ટીમોએ તપાસ હાથ ધરી હતી.

પોલીસે ઘટનાસ્થળ નજીકથી મળેલા વાહનના ખોટા નંબર પરથી સાચો નંબર શોધી કાઢ્યો હતો. તપાસ દરમિયાન આ વાહન મધ્યપ્રદેશના બામણિયા રેલવે સ્ટેશન વિસ્તારમાંથી ચોરાયેલું હોવાનું સામે આવ્યું હતું.

ત્યારબાદ પોલીસે વાઘોડીયા, દાહોદ અને મધ્યપ્રદેશના ઝાબુઆ સુધીના આશરે 400 જેટલા સીસીટીવી ફૂટેજ ચકાસ્યા હતા. ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સના આધારે "વસુનીયા ગેંગ" સંડોવાયેલી હોવાનું સામે આવતા પોલીસ ટીમોને મધ્યપ્રદેશ મોકલવામાં આવી હતી.

પોલીસે મેઘનગર વિસ્તારમાંથી રીશભાઈ બીજીવાભાઈ પરમાર અને રમેશ રામચંદ્ર ઉર્ફે રંગજી તાહેડ નામના બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પૂછપરછ દરમિયાન આરોપીઓએ પહેલા વેપારીની રેકી કરી તેમની હિલચાલ જાણી હતી અને પછી ચોરીના વાહનો વડે લૂંટને અંજામ આપ્યો હોવાનું કબૂલ્યું હતું.

પોલીસે આરોપીઓ પાસેથી એક બાઈક અને ત્રણ મોબાઈલ મળી રૂ.27 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. ગેંગના અન્ય ચાર આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ અલગ ટીમો દ્વારા શોધખોળ ચાલુ છે. એસપી સુશીલ અગ્રવાલે જણાવ્યું હતું કે, "વસુનીયા ગેંગ" ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં જવેલર્સ તથા પેટ્રોલ પંપને નિશાન બનાવી લૂંટ ચલાવતી હોવાની માહિતી સામે આવી છે.

બપોરે ચૂપચાપ 15-20 મીટર બદલી નાખતા લોકોમાં રોષ

તરસાલી મલબાર વેલી કોમ્પલેક્ષમાં મંજૂરી વગર સ્માર્ટ મીટર લગાવતા હોબાળો

વીજ કંપની સામે પોલીસ ફરિયાદ કરવાની તૈયારી દર્શાવી

(પ્રતિનિધિ) વડોદરા,તા.21

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં આવેલા મલબાર વેલી કોમ્પલેક્ષના ટાવર-F માં વીજ મીટર બદલવાની કાર્યવાહી દરમિયાન મોટો વિવાદ સર્જાયો છે. રહીશોને જાણ કર્યા વગર મીટર બદલાતા સોસાયટીના રહીશોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

વડોદરાના તરસાલી વિસ્તારમાં આવેલા મલબાર વેલી કોમ્પલેક્ષના રહીશોના આક્ષેપ મુજબ બપોરે 2 થી 2:30 વાગ્યાની આસપાસ જ્યારે લોકો ઘરમાં આરામ કરી રહ્યા હતા અને મોટાભાગે મહિલાઓ જ હાજર હતી ત્યારે, જીઈબીના કોન્ટ્રાક્ટ કર્મચારીઓએ ચૂપચાપ 15 થી 20

મીટર બદલી નાખ્યા હતા. સફાઈ સેવકને જાણ થતા તેણે તમામ સભ્યોને માહિતી આપી હતી. ત્યારબાદ મોટી સંખ્યામાં રહેવાસીઓ એકત્રિત થયા અને કાર્યવાહીનો વિરોધ નોંધાવ્યો હતો. વિરોધ વધતા મીટર બદલવા આવેલા કર્મચારીઓએ પોલીસને જાણ કરી હતી. જેથી મકરપુરા પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. કર્મચારીઓએ રહેવાસીઓને પોલીસ સ્ટેશન આવવા જણાવ્યું હતું. કોઈ સત્તાવાર માહિતી આપી નથી અને સ્માર્ટ મીટરની અમને જરૂરિયાત નથી. રહેવાસીઓનું કહેવું છે કે, સરકાર તરફથી સ્માર્ટ મીટર ફરજિયાત નથી, તે મરજિયાત છે. કોન્ટ્રાકટના માણસોએ દુર્વ્યવહાર કર્યો હોવાનો પણ આક્ષેપ છે. મલબાર વેલીના રહેવાસીઓ મકરપુરા પોલીસ સ્ટેશને સંયુક્ત રીતે વીજ કંપની સામે એફઆઈઆર કરાવવાની તૈયારીમાં દાખવી હતી. સ્થાનિક રહીશોએ પારદર્શક પ્રક્રિયા અને પૂર્વ સૂચના આપવાની માંગ ઉઠાવી છે. હાલ સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો હતો.

ઘરમા પરિણીતાને એકલી જોઈ જેઠ દ્વારા શારીરિક છેડતીનો પ્રયાસ

પાણી માંગવાના બહાને ઘરમાં પ્રવેશી હાથ પકડી સંબંધ રાખવા દબાણ કર્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા શહેરના જાંબુવા વિસ્તારમાં એક પરિણીતાને ઘરે એકલી જોઈ તેના કૌટુંબીક જેઠે છેડતી અને શારીરિક અડપલાં કરવાનો પ્રયાસ કર્યો હતો. આરોપીએ પાણી માંગવાના બહાને ઘરમાં પ્રવેશ કરી મહિલાનો હાથ પકડી મિત્રતા રાખવા દબાણ કર્યું હતું. પરિણીતાએ બુમાબુમ કરતાં આરોપી મોઢું દબાવી અંદરના રૂમમાં ખેંચી જવાનો પ્રયાસ કરી રહ્યો હતો, ત્યારે સસરા ઘરે આવી જતા તે બાલ્કની મારફતે ફરાર થઈ ગયો હતો. ઘટનાને લઈને પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જાંબુવા વિસ્તારમાં રહેતી પરિણીતાના જણાવ્યા અનુસાર, ગત 20 મેના રોજ બપોરના સમયે તેમના પતિ, સાસુ અને સસરા ટિફિન આપવા માટે બહાર ગયા હતા અને તે ઘરે એકલા હતા. દરમિયાન તેમના કૌટુંબીક જેઠ ઘરે આવ્યો હતો અને પાણી માંગ્યું હતું. પાણી આપતાં જ આરોપીએ મહિલાનો હાથ પકડી મિત્રતા રાખવા માટે દબાણ કર્યું હતું.

આરોપીએ મહિલાનું મોઢું દબાવી દરવાજો બંધ કરી અંદરના રૂમમાં લઈ જઈ શારીરિક અડપલાં કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, તે દરમિયાન સસરા ઘરે આવી દરવાજો ખખડાવતા આરોપી બાલ્કનીમાંથી કૂદી ફરાર થઈ ગયો હતો. બાદમાં સસરાએ આરોપીને સમજાવવાનો પ્રયાસ કરતાં તેણે ઝપાઝપી કરી હતી. તેમજ આરોપી ફરી એકવાર ઘરે આવી સસરા સાથે મારામારી કરી ભાગી ગયો હોવાનો પણ મહિલાએ આક્ષેપ કર્યો છે. બનાવ બાદ ગભરાઈ ગયેલી પરિણીતાને સારવાર માટે એસ.એસ.જી. હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. આરોપી વિરુદ્ધ પોલીસ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

સુભાનપુરામાં નબળા પેચવર્કના કારણે રેતી ભરેલી ટ્રકના ટાયર રોડમાં ગરકાવ

- સુભાનપુરાની હરિઓમનગર સોસાયટીમાં તાજેતરમાં જ તંત્ર દ્વારા ગટર લાઇનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ગટર લાઇનનું કામ પૂર્ણ થયા બાદ કોન્ટ્રાક્ટર દ્વારા રસ્તા પર દેખાવ પૂરતું પેચવર્ક કરીને કામ પૂરું કરી દેવામાં આવ્યું હતું. આ પેચવર્ક એટલું હલકી ગુણવત્તાનું હતું કે તે એક સામાન્ય વજન પણ સહન કરી શક્યું નહીં. ગુરુવારે વહેલી સવારે જ્યારે એક રેતી ભરેલી ભારેભરખમ ટ્રક આ સોસાયટીના રસ્તા પરથી પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક જ હલકી ગુણવત્તાના કારણે આખો રોડ બેસી ગયો હતો અને રેતી ભરેલી ટ્રકના પાછળના ટાયરો જમીનમાં ગરકાવ થઈ ગયા હતા.

કોઈ પણ રોકટોક વગર મુસાફરોની બિન્દાસ્ત અવરજવર, તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જુએ છે?

વડોદરા રેલવે સ્ટેશન પર સુરક્ષા રામભરોસે : બેગ સ્કેનર બંધ હાલતમાં

લાખોના મશીનો એન્ટ્રી-એક્ઝિટ પોઇન્ટ પર મેટલ ડિટેક્ટર અને બેગ સ્કેનર બન્યા શોભાના ગાંઠિયા સમાન

(પ્રતિનિધિ) વડોદરા,તા.21

ગુજરાતના સૌથી વ્યસ્ત અને મહત્વના રેલ્વે સ્ટેશનોમાં સ્થાન ધરાવતા વડોદરા રેલ્વે સ્ટેશન પર મુસાફરોની સુરક્ષાને લઈને એક મોટો સવાલ ઉભો થયો છે. સ્ટેશન પર સુરક્ષાના નામે માત્ર દેખાડો થઈ રહ્યો હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. રેલ્વે પ્રશાસન દ્વારા મુસાફરોની સલામતી માટે લાખો રૂપિયાના ખર્ચે આધુનિક મશીનરી વસાવવામાં આવી છે, પરંતુ આ તમામ સાધનો હાલમાં માત્ર શોભાના ગાંઠિયા સમાન સાબિત થઈ રહ્યા છે કારણ કે તેનો કોઈ જ ઉપયોગ કરવામાં આવી રહ્યો નથી.

રેલ્વે સ્ટેશનના મુખ્ય એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ એટલે કે પ્રવેશ અને નિકાસ દ્વાર પર મુસાફરોના સામાનની તપાસ માટે લગાવવામાં આવેલા બેગ સ્કેનર અને શંકાસ્પદ વસ્તુઓની ઓળખ માટેના મેટલ ડિટેક્ટર મશીનો લાંબા સમયથી બંધ હાલતમાં ધૂળ ખાઈ રહ્યા છે. સુરક્ષાના આધુનિક સાધનો બંધ હોવાને કારણે હજારોની સંખ્યામાં આવતા-જતા મુસાફરો કોઈપણ જાતની તપાસ વગર બિંદાસ રીતે સ્ટેશન પરિસરમાં પ્રવેશ કરી રહ્યા છે અને બહાર નીકળી રહ્યા છે. મુસાફરોના સામાન કે તેમની ગતિવિધિઓ પર નજર રાખવા માટે કે તેમને અટકાવીને ચેક કરવા માટે ત્યાં કોઈ સુરક્ષાકર્મી પણ સક્રિય

જોવા મળતું નથી. કોઈપણ રોકટોક વગર મુસાફરો કે અન્ય અસામાજિક તત્વો પણ સ્ટેશનની અંદર ગમે ત્યારે અવરજવર કરી શકે તેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે . દેશમાં જ્યારે પણ સુરક્ષા એલર્ટ આપવામાં આવે છે ત્યારે રેલ્વે સ્ટેશનો જેવા જાહેર સ્થળો સૌથી સંવેદનશીલ ગણાય છે, તેમ છતાં વડોદરા રેલ્વે તંત્ર દ્વારા દાખવવામાં આવી રહેલી આ ઘોર બેદરકારી કોઈ મોટી આફતને આમંત્રણ આપી રહી હોય તેવું લાગી રહ્યું છે. સ્થાનિક સ્તરે ચર્ચાઈ રહ્યું છે કે શું રેલ્વે તંત્ર કોઈ મોટી દુર્ઘટના કે અપ્રિય ઘટનાની રાહ જોઈ રહ્યું છે? શું કોઈ મોટો હાદસો થયા પછી જ તંત્ર પોતાની કુંભકર્ણ નિદ્રામાંથી જાગશે? લાખો રૂપિયાના સરકારી નાણાંનો ધુમાડો કરીને વસાવેલી આ સિસ્ટમ કેમ બંધ રાખવામાં આવી છે અને સુરક્ષા વ્યવસ્થામાં આટલી મોટી ચૂક માટે જવાબદાર કોણ છે, તેવા અનેક વેધક સવાલો અત્યારે મુસાફરો અને જનતામાં ઉઠી રહ્યા છે. હવે જોવાનું એ રહે છે કે આ અહેવાલ બાદ ઉચ્ચ રેલ્વે સત્તાધીશો જાગીને તાત્કાલિક ધોરણે આ બંધ મશીનો ચાલુ કરાવે છે અને સુરક્ષા વ્યવસ્થા કડક કરે છે કે પછી પરિસ્થિતિ જસની તસ જ રહે છે.

અધવચ્ચે શાળા છોડી દેનાર બાળકો માટે પુનઃ પ્રવેશોત્સવ

સર્વેમાં બેદરકારી કે વિલંબ થશે તો આચાર્ય-શિક્ષક સીધા જવાબદાર ગણાશે

ડ્રોપઆઉટ બાળકો સામે ગુજરાત સરકારનું મેગા મિશન

CTS પોર્ટલ મારફતે ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓની ધોરણવાર યાદી તૈયાર કરવામાં આવી

(પ્રતિનિધિ) વડોદરા,તા.21

શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા માટે અત્યાર સુધીનું સૌથી મોટું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. નવી શિક્ષણ નીતિ NEP-2020ના લક્ષ્યાંક અનુસાર વર્ષ 2030 સુધી પૂર્વ-પ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક સુધી 100 ટકા નોંધણી સુનિશ્ચિત કરવા સરકારે 'પુનઃ પ્રવેશોત્સવ' યોજવાનો નિર્ણય લીધો છે. આ અભિયાન અંતર્ગત શિક્ષકો અને કર્મચારીઓ ધોરણ 1 થી 11 સુધી અભ્યાસ છોડી ચૂકેલા વિદ્યાર્થીઓના ઘરે રૂબરૂ જઈ સર્વે કરશે. માત્ર 10 દિવસમાં સર્વે પૂર્ણ કરી નામજોગ યાદી તૈયાર કરવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે.

શિક્ષકોએ વાલી સાથેની મુલાકાતના લાઈવ ફોટો અથવા વીડિયો એપ્લિકેશનમાં અપલોડ કરવા ફરજિયાત બનાવાયા છે. જો વિદ્યાર્થી ભણવા માટે ઈનકાર કરશે તો ઉચ્ચ અધિકારીઓ અને આચાર્ય વાલીના ઘરે જઈ સમજાવટ કરશે. સ્થળાંતર અથવા અન્ય કારણોસર અભ્યાસ અધવચ્ચે છોડનારા બાળકોને તેમની વય અનુસાર યોગ્ય ધોરણમાં પુનઃપ્રવેશ આપવામાં આવશે. ધોરણ 1, 6, 9 અને 11માં પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરાશે.

સરકારે સ્પષ્ટ કર્યું છે કે દરેક બાળકનો શિક્ષણનો અધિકાર જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. સર્વેમાં બેદરકારી કે વિલંબ બદલ આચાર્ય અને શિક્ષકોને સીધા જવાબદાર ગણવામાં આવશે. શાળાઓની કચેરીના નિયામક દ્વારા તમામ કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીઓને કડક સૂચનાઓ આપવામાં આવી છે. CTS પોર્ટલ મારફતે ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓની ધોરણવાર યાદી તૈયાર કરવામાં આવી છે, જેમાં વિદ્યાર્થીનું નામ, વાલીના સંપર્ક નંબર અને જૂની શાળાની માહિતી સામેલ છે. આ વખતે પ્રવેશોત્સવમાં માત્ર નવા વિદ્યાર્થીઓ નહીં પરંતુ અભ્યાસ છોડનારા બાળકોને ફરી શાળામાં જોડવાનો વિશેષ પ્રયાસ હાથ ધરાયો છે.